# -: પ્રેસનોટ :-

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત હેલ્મેટ બ્રીજના ઉત્તર છેડે (અક્ષાંશ-રેખાંશ : ૨૩.૦૪૭૪૪૮, ૭૨.૫૪૩૭૭૨) તથા દક્ષિણ છેડે (અક્ષાંશ-રેખાંશ : ૨૩.૦૪૨૮૧૧,૭૨.૫૪૦૪૯૭) તેમજ બ્રીજના નીચે હેલ્મેટ ચોકીની સામે મેટ્રો પી.૧૪૩ (અક્ષાંશ-રેખાંશ : ૨૩.૦૪૫૨૪૫,૭૨.૫૪૧૯૧૪) થી અદાણી સી.એન.જી. પંપ તરફ પી.૧૪૫ (અક્ષાંશ-રેખાંશ : ૨૩.૦૪૫૦૭૫,૭૨.૫૪૨૪૭૨) સુધી બેરીકેડીંગ કરી તમામ પ્રકારના વાહનો માટે રસ્તો ફક્ત રાત્રી કલાક ૨૨.૦૦ થી ૭.૦૦ દરમિયાન તા.૨૫/૮/૨૦૧૯ સુધી બંધ રહેનાર છે.

**વૈકલ્પિક રૂટ :**

**(૧)** અંધજન મંડળ ચાર રસ્તા તરફથી એ.ઇ.સી. તથા વિજય ચાર રસ્તા તરફ જવા માટે હેલ્મેટ ચાર રસ્તાથી ડાબી બાજુ વળી માનવ મંદિર ટી (અક્ષાંશ-રેખાંશ : ૨૩.૦૪૫૮૩૭,૭૨.૫૪૦૨૯૬) થી યુ-ટર્ન લઇ હેલ્મેટ ચાર રસ્તાથી સીધા વિજય ચાર રસ્તા તથા ડાબી બાજુથી એ.ઇ.સી. ચાર રસ્તા તરફ જઇ શકાશે.

**(૨)** એ.ઇ.સી. તરફથી અંધજન મંડળ તરફ જવા માટે હેલ્મેટથી ડાબી બાજુ વળી ગુજરાત યુનિવર્સિટી મેદાનના પાછળના ગેટની સામે મેટ્રો પી. ૧૪૯ તથા પી.૧૫૦ ના વચ્ચેના ભાગ (અક્ષાંશ-રેખાંશ :૨૩.૦૪૪૬૫,૭૨.૫૪૪૮૮૩) થી યુ-ટર્ન લઇ હેલ્મેટ ચાર રસ્તાથી સીધા માનવ મંદિર ટી તરફ તથા ડાબી બાજુ અંધજન મંડળ તરફ જઇ શકાશે. તેમજ ઉપર્યુક્ત સમગ્ર રોડ 'નો-પાર્કિંગ' ઝોન રહેશે.

મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત ઉપર્યુક્ત રીતે ચાલનાર બાંધકામ અને વાહન વ્યવહાર અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

**તા.૨૪/૬/૨૦૧૯**

**( જે.આર.મોથલિયા )**
સંયુક્ત પોલીસ કમિશ્નર
ટ્રાફિક, અમદાવાદ શહેર